**<u>રેગ્યુલર દિવાની મુકદ્દામા નં. ૩૯૦/૨૦૨૨</u>**

## //આંકઃ૧ લગત હુકમ //

૧. હાલનો દાવો ફરિયાદીએ વિજ્ઞાપન અને દસ્તાવેજો રદ કરવવા માટે દાખલ કરેલો. જે દાવો દાખલ થતા પ્રતિવાદીને સમન્સ કરવામાં આવેલ, જે સમન્સ બજી જતા પ્રતિવાદી હાજર થયેલ અને તેઓને વાદી સાથે સમાધાન થઈ ગયેલ છે અને બંને પક્ષકારોએ આંક–૧૧ થી સમાધાન પુરસીસ રજુ થયેલ, જે સમાધાન પુરસીસ પક્ષકારોને વાંચી સંભળાવતા ખરી હોવાનું કબુલ રાખતા હોય અને વાદી પ્રતિવાદી હાજર હોય, પુરસીસ રેકર્ડ કરવામાં આવેલી. જે સમાધાનની પુરસીસ મુજબ જે દસ્તાવેજ કરવવામાં આવેલ તે રદ બાતલ ગણેલ છે અને દાવાવાળી મિલકત પ્રતિવાદીની માલીકીની છેતેવુ વાદીએ કબુલ રાખેલ છે જેથી તે મતલબનું પક્ષકારોએ સામાધાન હુકમનામું કરી આપવાની દાદ માંગેલી છે જે ધ્યાને લેતા આંક–૧૧ થી જે સમાધાન થયેલ છે તે સમાધાન કાયદા મુજબનું હોય અને દિવાની કાર્યવાહી સંહિતાની ઓર્ડર–૨૩ રૂલ–૩ મુજબનું હોય, પક્ષકારોની સમાધાન પુરસીસના આધારે સમાધાન હુકમનામું દોરવું વ્યાજબી જણાતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુ ક મ //

૧. આથી એવો હુકમ કરવામાં આવે છે કે, આંક–૧૧ ની સમાધાન પુરસીસ મુજબ દાવામાં સમાધાન થતુ હોય, સમાધાન હુકમનામથી દાવોનો નિકાલ કરવામાં આવે છે.

૨. આંક–૧૧ ની સમાધાન પુરસીસની શરતો મુજબ હુકમનામું દિન–૧૫ માં દોરવું.

હુકમ આજરોજ તારીખ ૨૬, માહે જુન સને ૨૦૨૨ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– અમદાવાદ(ગ્રામ્ય)
તારીખઃ– ૨૬ / ૦૬ / ૨૦૨૨

(અશ્વિન છગનભાઈ સખીયા )
ચોથા અધિક સિવિલ જજ,
અમદાવાદ (ગ્રામ્ય)
U.I. Code No.GJ-01418